वर्ष : ११ सने : २०१९ सं.२०७५
अंक : ११, સળંગ અંક-८४ फागण मार्च

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૧૧ માર્ચ ફાગણ/સળંગ અંક-૮૪



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે

★ પરોપકાર - ૧

★ મૃત્યુના ચાર દરવાજા

★ પુનર્જન્મ

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**संतोषायत्त चित्तानां,**

**यत्तु संचयिनां सुखम्।**

**लोभलंपटयोस्तन्न,**

**मानवेन्द्र - सुरेन्द्रयोः।।**

સંતોષયુક્ત ચિત્તવાળા સંયમી આત્માઓને જે સુખ છે, તે સુખ લોભ કષાયથી લંપટ બનેલા માનવેન્દ્ર-રાજરાજેન્દ્ર કે સુરેન્દ્રને પણ હોતું નથી !

સંતોષ ગુણ સાથે જોડાયેલા મુનિવરને સુખનો પ્રકર્ષ હોય છે, જ્યારે અસંતોષ - દોષ સાથે જોડાયેલા ચક્રવર્તીને દુઃખની ચરમ સીમા હોય છે !



## ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે ★★★

- આ માર્ગમાં કાંટા છે. કીચડ પણ છે. કાંટાથી કંટાળી ન જવાય અને કીચડમાં ખૂંચી ન જવાય તે માટે સચેત રહેજે.

- પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ.શ્રીમદ્ વિજયમિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજા

જગતમાં બે જાતના માર્ગો હોય છે. એક કાંટાળો અને બીજો સુંવાળો. પહેલી નજરે તો દરેકને સુંવાળો માર્ગ જ ગમે, પસંદ પડે એ સ્વાભાવિક છે. પર્વતનો પથરાળ રસ્તો વટાવ્યા વગર શિખર પર ન જ પહોંચાય. પર્વતની નીચે રહેલા સુંવાળા માર્ગે ગમે તેટલી મુસાફરી કરો.... ગમે તેટલું અંતર કાપો... શિખર ન જ મળે. ટોચ પર ન જ પહોંચાય, આ વાત બધા સમજે છે. તે જ રીતે સિદ્ધિનું શિખર સર કરવું હોય તો કાંટા-કાંકરાવાળો માર્ગ જ લેવો પડે. સુંવાળા માર્ગે સિદ્ધિ ન જ મળે. આ વાત પણ એટલા જ પ્રેમથી,એટલી જ સાહજિકતાથી સ્વીકારવી પડશે.

સંસારની સિદ્ધિ હોય કે આધ્યાત્મિક સિદ્ધિ હોય... કાંટા-કીચડવાળો જ માર્ગ અપનાવવો પડે છે. ભૌતિક સિદ્ધિ હાંસલ કરવા માટે કેટલો સંઘર્ષ કરવો પડે છે ? કેટલાં જોખમો ઉઠાવવાં પડે છે ? કેટલો સમય પ્રેક્ટીસમાં વિતાવવો પડે છે ? શરૂઆતમાં ઘણીવાર નિષ્ફળતાય મળે છે. પરંતુ શ્રદ્ધા - વિશ્વાસ - ધીરતા સાથે એ પુરુષાર્થ કરવાથી લાંબા ગાળેય સિદ્ધિ તો સાંપડે છે. સંઘર્ષ - યુદ્ધ વગર વિજય કઈ રીતે મળે ? સંઘર્ષ કે યુદ્ધ પછી મળનારા ફતેહને જ 'વિજય' કહેવાય છે. આવા વિજયને જ દુનિયા બિરદાવે છે. આ જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રે વિજય પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરવો જ પડે છે. સંઘર્ષ પછીની સિદ્ધિને જ જ્ઞાની ભગવંતો બિરદાવે છે.

કષ - છેદ - તાપ - તાડન વગેરે સંઘર્ષ કર્યા પછી જ સુવર્ણની શુદ્ધિ સિદ્ધ થાય છે. એ શુદ્ધિરૂપી સિદ્ધિ માટે જડને ય સંઘર્ષ કરવો પડે છે. તો જીવને સિદ્ધિ માટે સંઘર્ષ કરવો પડે એમાં શી નવાઈ છે ? સંઘર્ષમાં ઘસાવું પડે છે. ઘણું સહન કરવું પડે છે.લાંબા સમય સુધી પણ આ પ્રક્રિયા ચાલે છે.

ભૌતિક ક્ષેત્રે સિદ્ધિ મેળવવા માટે ટાઢ - તડકો, ભૂખ - તરસ, માન - અપમાન બધું જ સહેવું પડે છે. ઊંઘ પણ હરામ થાય છે. પ્રિયપાત્રોનો વિયોગ પણ વેઠવો પડે છે. અનુકૂળતાને નેવે મૂકી પ્રતિકૂળતાને આવકારવી પડે છે. નદી કે સમુદ્રની મુસાફરીમાં પ્રતિકૂળ પવન ને પ્રતિકૂળ પ્રવાહનો સામનો કરવો પડે છે, તે પણ સહન કરવાના અર્થમાં જ છે.

માતા બનવા માટે 'માતા' તરીકેની સિદ્ધિ હાંસલ કરવા માટે ૯ - ૯ મહિના

સુધી પ્રસૂતિ સમયે કેટલાં કષ્ટો સહન કરવાં પડે છે ! માતાની પદવી માટે જો આટલો સમય અને આટલા બધા સંઘર્ષો વેઠવા પડતા હોય (કે જે પદવી કેટલા સમય સુધી ટકે તેની કોઈ ગેરંટી નથી. માતા બનવાની સિદ્ધિ મળ્યા પછી વળી, માતા તરીકે કેટલા સંઘર્ષ કરવા પડશે તેની પણ ખબર હોતી નથી. એવું પણ બને કે માતા તરીકે આખી જિંદગી સુધી અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે. જીવનનો અંત આવે, સંઘર્ષોનો નહીં) તો કાયમી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કેટલા સંઘર્ષો કરવા પડે તે સમજી શકાય તેમ છે. આ સંઘર્ષનાં નામ જ કાંટા અને કીચડ છે. કેટલાય ઊપસર્ગો અને કેટલાય પરીષહોરૂપ કાંટા અને કીચડ સિદ્ધિના માર્ગમાં જ હોય જ છે. તે કાંટાથી કંટાળી જાય તો મેળ ન પડે. કીચડમાં ફસાઈ જવાય તો આગળ મુસાફરી ન થઈ શકે. જ્યાં મુસાફરી જ અટકી જાય ત્યાં માર્ગમાં આગળ ક્યાંથી વધાય ? અને આગળ જ ન વધાય તો ઈષ્ટસ્થાને ક્યાંથી પહોંચાય ? ઈષ્ટસ્થાન એ જ સિદ્ધિ છે. કાંટા અને કીચડથી ડરનારો તો કાયર ગણાય. આવા કાયરોનું અહીં કામ નથી. શૂરવીર પુરુષો જ કાંટા અને કીચડથી આબાદ બચી શકે છે. મતલબ, તેઓ કાંટાથી કંટાળતા નથી ને કીચડમાં ફસાતા (ખૂચી જતા) નથી. કાંટા - કીચડવાળો જ્યારે રસ્તો છે.... એ માર્ગે જવું જ પડે તેમ છે, ત્યારે તેનાથી ડરવાનું નથી. ત્યાં અટકવાનું નથી. સચેત રહેવાની વાત અહીં પૂ. ગુરુદેવ કહી રહ્યા છે. સાવધાન રહેવા જણાવી રહ્યા છે.

ખાવા-પીવાની સામાન્ય ઘટનામાંય સચેત - સાવધાન ન રહેવાય તો પરિણામ શું આવે તેની સૌને ખબર છે. અધ્યાત્મમાર્ગની સિદ્ધિ મેળવવાની ઘટના તો ખૂબ જ સાવધાની માગે છે. પૂ, ગુરુદેવની કલમે લખાયેલા વાક્યમાં એ સાવધાનીનો સૂર જ સંભળાય છે. યુદ્ધના મેદાનમાં રણશિંગા ફુંકાય ત્યારે મેદાનમાંથી ભાગી જનારો વિજય કે સિદ્ધિ ન જ મેળવી શકે.

કાયરતા છોડી, શૂરવીર બની કાંટા - કીચડના સંઘર્ષોને પ્રસન્નતા સાથે સહી લઈ સિદ્ધિના શિખરે પહોંચો; એ જ મંગલકામના.

**- વિજયભવ્યદર્શનસૂરિ**

## ★ પરોપકાર - ૧ ★★★

**- શ્રી ધર્મમિત્ર**

**સમગ્રસંસાર અસાર.....**

અનાદિ કાળથી ચાલ્યા આવતા આ સંસારને ચલાવવા માટ છએ દ્રવ્યો જવાબદાર છે. છતાંય છદ્મસ્થ જીવોને નજરે ચઢે, સમજાય-અનુભવાય એવાં દ્રવ્યો



તો કેટલાં ? જીવ-પુદ્દગલ-કાળ : આ ત્રણ દ્રવ્યો... ચોથા નંબરમાં ગણો તો આકાશ છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય : આ બે દ્રવ્યો નજરમાં આવે એવાં નથી. મુખ્યત્વે શ્રદ્ધાથી સ્વીકારવા યોગ્ય એ દ્રવ્યો છે. છ દ્રવ્યોમાં જીવ આંખે દેખાતો ન હોય તો પણ તમામ આસ્તિક દર્શનવાળા એનો સ્વીકાર કરે છે. તેના વગર સંસાર ચાલે તેમ નથી. એક સમય માટે કલ્પના કરી જુઓ કે આ સંસારમાં રહેલાં છ દ્રવ્યોમાંથી જીવની બાદબાકી કરવામાં આવે તો ? જગતનું સંચાલન જ ખોરવાઈ જાય. જીવના યોગે જ દરેક દ્રવ્યોનું સંચાલન દેખાય છે. દરેક દ્રવ્યોની અસર જીવ ઉપર જણાય છે.

જગતમાં જણાતાં પરવર્તનો પાછળ જીવ જ મુખ્યત્વે જવાબદાર જણાય છે. જીવ ન હોય તો બાકીનાં દ્રવ્યો નિષ્ક્રિય જેવાં થઈ જાય. પાંચ દ્રવ્યમાં ચૈતન્ય નથી, માત્ર જીવમાં ચેતના છે. જડ પદાર્થો જીવના કારણે સક્રિય જણાય છે. નજરે દેખાતો પદાર્થ માત્ર પુદ્દગલ છે, જે સંપૂર્ણ જડ છે. હા, જીવ સાથે જોડાયેલો હોય તો તેમાં ક્રિયા દેખાય છે. એ ક્રિયાના કારણે જ તેની કિંમત અંકાય છે. જેમ રૂપિયાની નોટ વાપરનાર જીવ ન હોય તો એની કિંમત શું ? કપડાંથી લઈ ભોગોપભોગની સામગ્રી વાપરનાર જીવ જ ન હોય તો, એ સામગ્રીની વેલ્યું શું ? રૂપાળું-કદરૂપું-સારું-ખરાબ-ભવ્ય-ભયાનક-ખુશબૂવાળું-બદબૂવાળું..... આવો ભેદ પાડનાર કોણ ? જવાબ તરત જ મળશે; જીવ !

સોનું-ચાંદી, હીરા-માણેક-મોતી-નીલમ-પન્ના કે પોખરાજ જેવી મહામૂલ્યવાન સામગ્રી ગણાય છે.... પરંતુ જીવ ન હોય તો તેની કિંમત કોણ કરે ? તેનું મૂલ્ય આંકનારો જીવ જ છે ને ? જીવના ભોગોપભોગના કારણે જ તેની કિંમત ગણાય છે. જડને શણગારવા એ નથી જ વપરાતું. ભલે પછી એ માનવના શરીર પર પહેરાવાય કે તિર્યંચનાં શરીર પર.... જીવ નીકળી ગયા પછી એ જડ શરીર પર એ દાગીના વગેરે નથી પહેરાવાતાં.... અરે ! પહેરેલાં હોય તોય ઉતારી લેવામાં આવે છે. મતલબ તો એ જ થયો કે- જીવ સિવાય બધું જ અસાર છે. અલબત્ત, જીવમાંય સારા ખરાબનો ભેદ પડે છે, તેમાંય પુદ્દગલ જ નિમિત્ત છે. પાપના ઉદયવાળો એટલે કે- પાપ કર્મોથી યુક્ત જીવ ખરાબ ગણાય છે. ત્યારે પુણ્યના ઉદયવાળા કે અમુક પ્રકારના પાપ કર્મોના ઉદય વગરના જીવ સારા ગણાય છે.

કાળના યોગે પુદ્દગલમાં આવતાં પરિવર્તનોના યોગે જ તેમાં પણ સારા-નરસાંનો ભેદ જીવો દ્વારા જ પાડવામાં આવે છે. કાલકૃત પરિણામ તમામ જગ્યાએ

જોવા મળે છે. અલબત્ત સંસારમાં તો મળે જ....સિદ્ધ ભગવંતોમાંય અપેક્ષાએ પરિવર્તન જોવા મળે છે. જીવમાં ભલે ક્યારેય પરિવર્તન નથી આવતું, પરંતુ તેમના ઉપયોગમાં પરિવર્તન આવે છે...તે કાળનો જ પ્રભાવ ગણાય ને ? જેમ તેઓ પહેલા સમયે જ્ઞાનોપયોગ (સાકાર ઉપયોગ)વાળા હોય છે, તો બીજા સમયે દર્શનોપયોગ (નિરાકાર ઉપયોગ)વાળા હોય છે. સાદિ અનંત ભાગે હવે તેઓ આવી શુદ્ધાવસ્થામાં હશે... આ શબ્દપ્રયોગ કાળના યોગે જ થાય છે ને ? સાર એ જ આવ્યો કે જીવ અને પુદ્ગલનાં પરિવર્તોનોમાં કાળ જવાબદાર છે. નિશ્ચયથી વિચારીએ તો ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશસ્તિકાયમાં કાળ દ્વારા કોઈ પરિવર્તન જણાતું નથી. કારણ આ ત્રણે દ્રવ્યો નિર્વિભાજ્ય છે. વ્યવહારથી ક્યારેક તેનો ભેદ પાડવામાં આવે છે. તે માત્ર આપણા બોધ માટે.

આટલી ભૂમિકા કરવા પાછળ આશય એ છે કે - સંસારમાં ક્યાંય સાર નથી. પદાર્થો પણ તમામ અસાર છે. પરંતુ એ અસાર પદાર્થોનો એવો ઉપયોગ કરવામાં આવે તો અસારમાંથી સાર ખેંચી શકાય છે.

**પરોપકાર એ સાર છે :** શાસ્ત્રકાર ભગવંતો કહે છે : પૈસો અસાર છે. ધન-માલ-મિલકત બધું જ અસાર છે. આ અસાર ગણાતું ધન સુયોગ્ય ક્ષેત્રમાં (સારી જગ્યામાં) સુયોગ્ય ભાવ સાથે વાપરવામાં આવે તો, અસારમાંથી સાર પ્રાપ્ત કરી શકાય છે. સંગ્રહ કરાતું કે પોતાનાં ભોગ- ઉપભોગમાં વપરાતું એ ધન દુર્ગતિમાં લઈ જાય છે, પરંતુ સંગ્રહ ન કરતાં, જાત માટે ન વાપરતાં; જેનાથી પુણ્યોપાર્જન થાય એવાં કાર્યોમાં વાપરવામાં આવે તો એ જ ધનના માધ્યમથી વિશિષ્ટ પુણ્ય બંધાય છે. સદ્ગતિ ઊભી કરી શકાય છે. આ જ તો એનો સાર છે.

એક તરફ આ જ સંપત્તિને શાસ્ત્રકાર ભગવંતો હાથનો મેલ, સાપના ભારા, હાથને અને આત્માને કાળા કરનાર કોલસા, પરિગ્રહનું પાપ વગેરે કહી ચેતવે છે. તો બીજી તરફ આવી સંપત્તિને સારા માર્ગે વાપરી એનો લાભ ઉઠાવવાની વાત પણ કરે છે. પૈસાથી દુર્ગતિ કે સદ્ગતિ ખરીદી શકાતી નથી. પરંતુ પૈસાના રાગ-વિરાગથી દુર્ગતિ-સદ્ગતિ ખરીદી શકાય છે. મતલબ એ થયો કે પૈસાથી દુર્ગતિ નથી મળતી. પૈસા પરના રાગથી દુર્ગતિ થાય છે. પૈસાથી સદ્ગતિ ખરીદી શકાતી નથી એટલે કે વધુ પૈસાવાળા વધુ ઊંચી સદ્ગતિમાં જાય એવું નથી. પરંતુ એ જ મિલકતનો સારો ઉપયોગ કરી, મમત્ત્વભાવ, મૂર્ચ્છા ઉતારીને સદ્ગતિ પ્રાપ્ત કરી શકાય છે. સંપત્તિ કેટલી છે તે મહત્ત્વનું નથી.... એના પર મમત્ત્વ - નિર્મમત્ત્વભાવ કેવો છે, તે મહત્ત્વનું છે.



મહાધનાઢ્ય ગણાતા ચક્રવર્તીઓ કે મમ્મણ શેઠ જેવો સાતમી નરકે ગયેલા જોવા મળે છે, તો સામે પક્ષે સામાન્ય સંપત્તિવાળા પુણિયાશ્રાવક જેવા ઊંચા દેવલોકમાં ગયેલા સાંભળવા મળે છે. કારણ તપાસો. ધન પરના તેમના ભાવો જવાબદાર છે. યુદ્ધ-ઝઘડાનું કારણ જર જમીન ને જોરુ ગણાય છે. તેમાં પણ વિચારશો તો તેના પરનો મમત્ત્વ ભાવ છે. મમત્ત્વ વિનાનો જીવ એ નિમિત્તે ઝઘડા નહીં કરે... એને છોડી દેવા તૈયાર થઈ જશે. ઝઘડાનું મૂળ ત્રણ ચીજો નથી, ત્રણ ચીજો પરનું મમત્ત્વ છે, એવું નથી લાગતું ? આખરે ધન પણ પુદ્ગલ છે. પુદ્ગલની પ્રીતિ જ પતનનું કારણ છે, એ ભૂલવા જેવું નથી. શાસ્ત્રકારો જીવ પ્રત્યે મૈત્રીભાવ અને પુદ્ગલ પ્રત્યે વિરાગભાવ કેળવવાની વાત કરે છે. પુદ્ગલ માત્ર પ્રત્યે વિરાગભાવ આવ્યા પછી ધનનો રાગ-મમત્વભાવ ક્યાંથી આવશે ?

પુદ્ગલમાત્ર પ્રત્યે જ્યારે વિરાગ ભાવ કેળવાય છે ત્યારે માત્ર ધન જ નહિ.... તમામ પદાર્થો પ્રત્યે આસક્તિ ઊતરી જાય છે. એની પાછળ પુદ્ગલના પરિવર્તનનું અને પરિણામોનું જ્ઞાન છે. એ જ્ઞાન થયા પછી જ આસક્તિ કે રાગ જાય છે. અનાસક્તિ ને વિરાગ પેદા થાય છે. પુદ્ અને ગલ બંને શબ્દોના અર્થ પરમાર્થ સુધી જીવ પહોંચી જાય તો એનો રાગ તૂટ્યા વગર ન રહે. પુદ્ એટલે પૂરણ થવું, નવા થવું, સારા થવું. ગલ એટલે ગલન થવું, જૂનું થવું, ખરાબ થવું, ભયાનક થવું વગેરે. આ સ્વભાવ તમામ પુદ્ગલ માટે છે. માનવ મન એવું છે કે- એને નવું વગેરે ગમે છે. દા.ત. કરન્સી નોટ, જૂની નોટ હોય કે નવી.... મૂલ્યમાં કોઈ જ ફરક નથી પડતો.... પરંતુ માનવને નવી નોટ વધુ ગમે છે. ઘર નવું હોય કે થોડું જૂનું હોય.... રહેવામાં કોઈ જ તફાવત નથી પડતો પરંતુ માનવનું મન એવું છે કે- એને નવાનું આકર્ષણ - રાગ - આસક્તિ વધુ હોય છે. નવી ગાડી લાવે તો એને ખૂબ સાચવે છે. થોડી જૂની થયા પછી એનો રાગ ઘટી જાય છે. પછી એને ડાઘ વગેરે પડે તો ઝાઝું દુઃખ નથી થતું.....!

ધન પછી વાત કરીએ વાણીની. વચન શક્તિ બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તમામ જીવોને મળે છે. એ વચન શક્તિ શુભ - અશુભ બંને પ્રકારનાં કર્મો બંધાવે છે.વાણી અસાર છે પરંતુ સત્ય વચન એ સાર છે. વાણીની સફળતા માટે એક ઠેકાણે એમ જણાવવામાં આવ્યું કે - વાચઃ ફલં પ્રીતિકરં નરાણામ્, બીજે ઠેકાણે લખ્યું છે કે- વચઃ ઋતમ્ મતલબ કે, વાણીનું ફલ છે માણસોને પ્રીતિ ઊપજે એવું બોલવું. અપ્રીતિ થાય એવાં વચન ન બોલવા. તો બીજા વાક્યમાં લખ્યું છે કે- સત્ય બોલવું અસત્ય ન બોલવું, સત્ય બોલવું તે અસાર એવી વાણીનો સાર છે.

પ્રીતિ ઊપજે એવું બોલવું એ વાણીનો સાર છે.

ઘણા જીવોને ઘણા પ્રકારની શક્તિઓ મળે છે. પરંતુ મોટાભાગના જીવો એ શક્તિનો દુરુપયોગ કરે છે. દુરુપયોગ કરીને પાપકર્મ બાંધે છે. એટલું જ નહિ, ફરીથી બીજી વાર એ શક્તિઓ ન મળે એવી સ્થિતિ ઊભી કરે છે ! શક્તિઓ પુણ્યથી મળે છે, માટે તેનો ઉપયોગ પુણ્યકાર્યમાં જ કરવો જોઈએ.

વાણી તો એવી ચીજ છે કે, ઘણા લાભ - ઘણા નુકશાન કરાવી શકે. વાણી દ્વારા તૂટેલાં દિલને જોડી શકાય છે, તેમ જોડાયેલાં દિલને છૂટાં પણ પાડી શકાય છે. મતલબ, તે સોય-દોરાનું કામ કરી શકે છે તો કાતરનું પણ કામ કરી શકે છે. ક્રોધથી ધમધમતા જીવોને ઉપશાંત કરી શકાય છે, તેમ શાંત માનવને ઉશ્કેરી પણ શકાય છે. પુણ્યનાં કાર્યોમાં જોડી શકાય છે, તેમ પાપનાં કાર્યોમાંય પાડી શકાય છે. વચનનાં કારણે ભૂતકાળમાં મોટાં મોટાં યુદ્ધો ખેલાયાંનો ઈતિહાસ મળે છે. આવી જ વચનશક્તિ દ્વારા શ્રીતીર્થંકરભગવંતો, ગણધર ભગવંતો, આચાર્યાદિ ગુરુભગવંતોએ હજારો - લાખો - કરોડો જીવોને ઉપદેશ આપી પાપમય સંસાર છોડાવ્યાનો ભવ્ય ઈતિહાસ પણ જાણવા મળે છે. આ ઉપરથી ખ્યાલ આવી ગયો હશે કે વચનશક્તિનો ઉપયોગ શેમાં કરવો જોઈએ ?

(ક્રમશઃ)

ધ

## ★ મૃત્યુના ચાર દરવાજા ★★★

- શ્રી ધર્મમિત્ર

આખા જગતને ધ્રુજાવનારું મોત ! જગતનાં ખુનખાર - હિંસક - ઘાતક ગણાતાં વાઘ - સિંહ સાપ વગેરે જાનવરોથી ન ડરનારા માનવો મળશે. ગિરોળી-મધમાખી વગેરે જીવોથી નહિ ડરનારા કે એની સાથે મૈત્રી બાંધનારા જીવોય પ્રાપ્ત થશે. હજારો-લાખો માનવોને પોતાના પેટાળમાં લઈ જનારા અને મોતને ઘાટ ઉતારનારા સમુદ્ર વગેરેનો ભય ન હોય તેવા માનવોય ઉપલબ્ધ થશે... પરંતુ મોતથી ન ડરનારો કે મૃત્યુ સાથે મિત્રતા બાંધનારો માનવ ક્યારેય જોયો છે ?

આવા મૃત્યુને આવવા માટેના ચાર દરવાજાની વાત વિચારવી છે, જે નીતિશાસ્ત્રના આધારે કહેવાયેલી છે. અનુભવોના આધારે આવી નીતિઓ ઘડાતી હોય છે. અજ્ઞાન જીવો, બિનઅનુભવી માનવો ભૂલનો ભોગ ન બને તે માટે આવી નીતિઓ ભણાવાતી હોય છે. કેટલીક નીતિઓ તે ભાષાના દુહા સ્વરૂપે લોકજીભે બોલાતી સંભળાય છે. ભૂતકાળમાં શાળાઓમાં પાઠ્યપુસ્તકોમાં આવા નીતિના



પાઠ ભણાવાતા હતા. તેનાથી નાની ઉંમરમાં જ ઘડતર થતું. કેટલાક પરિવારોમાં રાતના સમયે પરિવાર ભેગા થઈને બેસતો. તે સમયે અનુભવી વૃદ્ધપુરુષો (દાદા-દાદી) પરિવારની જાણકારી અને ઘડતર માટે પોતાના અનુભવની વાતો અને નીતિની વાતો કરતાં.

બહારની સ્કૂલો કરતાં આ ઘરની સ્કૂલોમાં વધારે સારું જ્ઞાન મળતું હતું. કારણ રવિ (સૂર્ય) અને કવિ પણ જ્યાં ન પહોંચી શકે, જેને ન જાણી શકે તેને અનુભવી જાણી શકે છે. ત્યાં અનુભવી પહોંચી જાય છે. અટપટા સવાલોના જવાબ તેમની પાસેથી કાચી સેકેંડોમાં મળી જાય છે. આને જૈનશાસ્ત્રના આધારે મતિજ્ઞાનના પ્રકારમાં 'પારિણામિકી બુદ્ધિ' ગણાય. જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ બુદ્ધિ પરિપુષ્ટ થતી જાય છે. પ્રેક્ટીકલ જ્ઞાન દ્વારા આવી બુદ્ધિ મળતી હોવાથી અવિશ્વાસ કે અશ્રદ્ધાને ત્યાં અવકાશ રહેતો નથી. પૂર્ણ શ્રદ્ધા સાથે તમામ જીવો એનો સ્વીકાર કરે છે.

અહીં મોતને લાવનાર, મોતના કારણ તરીકે ગણાતી ચાર વાતોને સ્થાન અપાયું છે. મતલબ કે આ ચાર ચીજો એવી છે કે- આડકતરી રીતે મોતને એનાથી આમંત્રણ મળે છે. માત્ર મૃત્યુ જ નહીં; મોતને સારું કહેવડાવે તેવી માનસિક વેદના (સંતાપ) ઉપજાવે છે. ક્યારેક ધનથી પાયમાલી કરાવે છે. ક્યારેક વેર-ઝેર વધારે છે. દુશ્મનાવટનાં બીજ રોપાય છે. ક્યારેક અપમાનનો ભોગ બનવાની નોબત વાગે છે. ઊંઘ હરામ થઈ જાય છે. તેવી સ્થિતી ઊભી થાય છે. શોક - ઉદ્વેગ અને પશ્ચાત્તાપ જીવનને હત-પ્રહત કરી મૂકે છે.

ચાર કારણોમાંનું પ્રથમ કારણ છે : અનુચિત કાર્યનો પ્રારંભ. સજ્જન અને બુદ્ધિમાન આત્માએ કોઈપણ કાર્ય કરતાં પહેલાં એ મારાથી સફળ થશે ? મને એમાં યશ મળશે કે અપયશ ? લાભ થશે કે નુકશાન ? મારી ઈજ્જત આબરૂ વધશે કે ઘટશે ? આ કાર્ય મારા માટે ઉચિત છે કે અનુચિત ? એનાથી મારા કુટુંબ - પરિવારમાં જ્ઞાતિમાં નિંદા કે હાંસી તો નહીં થાયને ? આ બધો વિચાર કરવો જોઈએ.

જેમ જૈન થઈને કંદમૂળનો, અભક્ષ્ય પદાર્થોનો, જેનાથી અસંખ્ય અનંત જીવોને સંહાર થતો હોય, સંખ્ય - અસંખ્ય ત્રસજીવોની હિંસા જેમાં થતી હોય તેવી ખેતર વગેરેમાં વપરાતી - છંટાતી દવાઓનો વ્યાપાર કરવો, નોનવેજ (માંસાહાર) સંબંધી (ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ) વ્યાપાર.. મોટી મોટી હિંસા થતી હોય તેવા ઉદ્યોગોમાં માલિકી કે ભાગીદારી... વગેરે... આ તમામ ધંધા જૈન માટે યોગ્ય

નથી જ. એમાં ધર્મ - ધર્મી બંને વગોવાય છે, નિંદાય છે. આ પણ અનુચિત કાર્ય જ છે.

બીજા નંબરે 'સ્વજન વિરોધી' ની વાત છે : સ્વજન ગણાતી વ્યક્તિનો વિરોધ ન કરવો. સ્વજનનો વિરોધ કરવાથી તે સ્વજન તો દુશ્મન બને છે,પરંતુ સાથે સાથે બીજા ઘણા સ્વજનોય વિરોધી કે દુશ્મન બને છે. આ વિરોધ કે દુશ્મનાવટ જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં બાધક બને છે. ડગલે ને પગલે તે અડચણરૂપ થાય છે. સીધાં ચાલતાં કાર્યોમાંય તે એક યા બીજી રીતે પરેશાન કરે છે. એ પરેશાની એવી હોય છે કે - ન કહી શકાય, ન સહી શકાય. દીકરા-દીકરીના વિવાહથી લઈ નાનામાં નાનાં કામો તેઓ થવા દેતાં નથી. સ્વજન સિવાયના વેપારી, ઘરાક, પડોશી, જ્ઞાતિજનો, ગ્રામજનો, સંબંધી વર્ગમાં તમામ લોકોના કાન ભંભેરવાનું કાર્ય એ વિરોધી થયેલ સ્વજન કરે છે. ટૂંકમાં કહીએ તો એક દુશ્મન (વિરોધી) સેંકડો દુશ્મનોને પકવે છે, તૈયાર કરે છે.

તમારા જીવનમાં જ્યાં જ્યાં નિષ્ફળતા મળે ત્યાં ત્યાં તેઓ રાજી થાય છે. બળતામાં ઘી હોમવા જેવી કે હવનમાં હાડકાં નાખવા જેવી પ્રવૃત્તિ તેમના તરફથી થાય છે. પડતાને પાટુ મારવામાં તેમને આનંદ આવે છે. તમારું હિત ન થવા દેવામાં અને અહિત થવા-કરવામાં તેમને રસ હોય છે. તમારી સફળતામાં તેઓ ઈર્ષ્યાની આગમાં શેકાય છે. એનો બદલો વાળવા તેઓ કાંઈ પણ કરવા તૈયાર થઈ જાય છે. ત્યારે ઉચિત - અનુચિતનો ભેદ સમજી શકવા અસમર્થ બની જાય છે. તેઓની બુદ્ધિમાં વિપર્યાસ પેદા થાય છે. અહંકાર એમાં પેટ્રોલ છાંટવાની જેમ વધારો કરે છે. એ માટે તે વિરોધી થયેલો સ્વજન પોતે બરબાદ થાય તોય ભાન - શાન ગુમાવી દે છે. 'હું તો મરું .. પણ તને રાંડ કરું' એ કહેવત મુજબ પોતે હેરાન થાય તોય તેને ગણકાર્યા વગર; જે સ્વજને પોતાને હેરાન કર્યો એવું માને છે તેને રોડ-રસ્તા પર લઈ આવવા સુધીની પ્રવૃત્તિ કરતાં અચકાતો નથી. તમારા સાથે સંબંધ રાખતા મધ્યસ્થ માણસોને પણ તે ઉશ્કેરીને વિરોધી બનાવે છે. તેથી તેઓ પણ તમારી સાથે સંબંધ રાખવામાં ડરે અથવા દૂર રહેવું મુનાસિબ માને છે.

આવા આવા અનેક અનર્થોથી બચવા સ્વજનોના વિરોધમાં ન પડવું હિતાવહ ગણાય છે. આ પણ મરણને આમંત્રણતુલ્ય કાર્ય છે, મૃત્યુને આવવાનો દરવાજો છે.

ત્રીજી વાત : બલિયસા સ્પર્ધા : બળવાન વ્યક્તિ સાથે લડાઈ, સ્પર્ધા, હરિફાઈ. બળવાન સાથે હરિફાઈ કરવામાં મોત સુધીનું જોખમ સ્પષ્ટ જ જણાય



છે. નબળાની પણ હોડ - હરિફાઈમાં ઊતરવાની વાતમાં અનુભવી મનાઈ કરતા હોય તો બળવાન - વધારે તાકાતવાળા સાથે બાથ ભીડવાની ક્યાંથી હા પાડે ? આ બળવાન સાથેની સ્પર્ધા માત્ર શરીરથી થાય એવું નથી. શરીરથી, ધર્મથી, ધનથી, ખાવાની બાબતથી, દોડવા વગેરેની અનેક પ્રકારની હોડમાં ઊતરવાથી ... આવી હરિફાઈના ઘણાં પ્રકારો છે. આપણી શક્તિનું માપ કાઢ્યા વગર ક્યારેય કોઈની સાથે હોડમાં ન ઊતરવું. સામી વ્યક્તિ મારા કરતાં નિર્બલ છે કે બલવાન ? તેનો વિશેષ વિચાર કરવો.

ઘણીવાર વાંચવા-સાંભળવા - જાણવા મળે છે કે - ખાવાની બાબતમાં હોડ જામી. કોણ વધારે ઈડલી-વડાં-મીઠાઈના પીસ-બર્ગર વગેરે ખાઈ શકે છે ?આ હરિફાઈમાં જીતવા માટે જીવ સટોસટનો ખેલ ખેલાય છે. એટલું ખાવા જાય કે હાથમાં 'ઈનામની' જગ્યાએ 'મોત' આવીને ઊભું રહી જાય. એવી હોડમાં ઘણાંય યમસદનમાં પહોંચી ગયા ! ઈનામ કે સન્માન લેવાય ન રહ્યા !

કેટલાક વાહન ચલાવવાની રેસમાં જંપલાવે છે. આ પણ હરિફાઈ જ છે ને ? આવી વાહનની-ઘોડા-પાડા-આખલાની રેસમાં વર્ષે - દહાડે સંખ્યાબંધ જીવો પરલોકવાસી બની જાય છે. તો કેટલાક કાયમ માટે હાડકાં તૂટવાના યોગે પથારીવશ બને છે ! બાઈકની રેસમાં ઊતરનારા મહાનુભાવો તો એમાં વિજય મેળવવાની ખેવનાથી, શક્તિ ન હોય તોય ૧૦-૨૦ લાખ સુધીનાં બાઈક લઈ આવે છે ! તેના મોત પછી પૂરો પરિવાર આર્થિક રીતે પાયમાલ થઈ જાય છે. કારણ, પાછળ કમાનારો પણ હોતો નથી. પરિવારનું ભાવી અંધકારમય બને છે. લોકોની કરુણા પર લાચારી સાથે જીવે છે. સ્વમાન પણ સચવાતું નથી... ત્યાં બહુમાનની આશા જ ક્યાંથી રાખવી ?

ચોથી વાત છે પ્રમદાજન-વિશ્વાસની પ્રમદા-સ્ત્રી પર આંધળો વિશ્વાસ... એ પણ મૃત્યુ સુધીની નોંબત લાવનાર છે. આજં એકતરફ જોરશોરથી સ્ત્રી સ્વાતંત્ર્યની અને નારી પુરુષ સમોવડીનાં વાજાં વાગતાં હોય ત્યાં આ સમસ્યા મોટા પાયે સર્જાય છે. મોતનો ચોથો દરવાજો સૌથી વધારે ચિંતા જનક જણાઈ રહ્યો છે.

પુરુષ થોડી પણ સ્વતંત્રતા આપવા સ્ત્રીને ન ઈચ્છતો હોય તો બંને વચ્ચે મોટો સંઘર્ષ ઊભો થાય છે. રોજ સંક્લેશનું વાતાવરણ સર્જાય છે. આ સંક્લેશ આગળ વધે તો બંને પક્ષે મોટા અનર્થનો સામનો કરવાનો વારો આવે છે. આ ઝગડો બે જણ (પતિ-પત્ની) વચ્ચે જ ન અટકતાં બંનેથી ઊભા થયેલા પરિવારને દઝાડે છે. એટલું જ નહિ, બંનેના માતા-પિતાના પરિવાર એ આગમાં શેકાય છે.

આજે ઠેર ઠેર આ વાતાવરણ હોવાના કારણે આ વિષયમાં દૃષ્ટાંતો આપવાની આવશ્યક્તા જણાતી નથી.... છતાં એક બનેલી તાજેતરની ઘટના રજૂ કરું છું. એક સારા પરિવારમાં એકનો એક દીકરો. પુણ્યયોગે પૈસાનો સ્રોત વધી ગયો. સ્ત્રીને મોં માગ્યા પૈસા મળવા લાગ્યા. મનગમતી ચીજો મળવા લાગી. હરવા-ફરવાની છૂટ મળી ગઈ. ઘરમાં ઘાટી-રસોઈયા-કામવાળીની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. 'સ્ત્રીને નવરી ન પડવા દેવી, કામમાં ગૂંચેલી રાખવી' આ વાતનો છેદ ઊડી ગયો ! પરિણામ એ આવ્યું કે ક્લબ વગેરેમાં જતી એ સ્ત્રીને એ પતિએ રોકવાનો પ્રયાસ કર્યો. (કારણ સમજાઈ ગયું હશે ?) કંકાસનું વાતાવરણ હવે બંનેને દઝાડતું થયું. પતિ એકલો જુદો રહેવા ગયો. પત્ની તેના દીકરા-દીકરી સાથે જુદી રહેતી થઈ ! એક જ પરિવારના ત્રણ ઘર થાય, એક જ પરિવારની ત્રણ ઓફિસ થાય, ત્રણ ફેક્ટરીઓ થાય, ત્રણ દુકાનો થાય, તો સંસારી જીવો રાજી થાય.... પરંતુ એક પરિવારનાં આ રીતે ત્રણ ઘર થાય એ કઈ સારું ગણાય ? આવી ઘટનાને કોણ બિરદાવે ? પતી-પત્નીના ઝઘડામાં દીકરા-દીકરીનાં લગ્ન જીવનમાંય ભંગાણ પડ્યું ! તમામના જીવન રફે-દફે થઈ ગયાં. આવી કરુણ દાસ્તાન તો કેટલાય ઘરોમાં જન્મ લેતી હશે ! માત્ર જન્મ જ લેતી હશે એમ નહિ, કેટલાય પરિવારોને તેણે વેરવિખેર કરી દીધા હશે. કેટલાંય હૈયાઓમાં અગનજ્વાળા (હોળી) સળગાવી હશે. હવે બોલો, સંસારમાં કોણ સુખી છે ? કોણ દુઃખી નથી ? કોઈનુંય દિલ અખંડ નહીં હોય, બધાં જ દિલ નંદવાયેલાં છે.

આવાં આવાં કેટલાંય નુકશાનો નીતિશાસ્ત્ર રચનાર તે અનુભવીઓએ જોયાં હશે, માટે જ તો સ્ત્રી ઉપર વિશ્વાસ મૂકી દેવાની ના કહે છે. (કોઈક સ્ત્રી અપવાદરૂપ હોય તે વાત જુદી છે.) ત્યારે જ તો કહેવત પડી છે કે- 'નવરી નક્ખોદ વાળે' એક બાપે પોતાના ભોળા મદન નામના દીકરાને પોતાના મૃત્યુ પૂર્વે સાત શિખામણ આપી હતી. તેમાં એક શિખામણ એ હતી કે - 'સ્ત્રીને બાંધી મારજે' મતલબ, સ્ત્રીને સતત કામમાં ગૂંચેલી જ રાખજે. ઘડીક વારેય નવરી ન પડવા દઈશ. એ નવરી પડશ તો ઘણાં અનર્થો ઊભા થશે. સ્ત્રીમાં માયા નામનો એક સહજ દોષ હોય છે. જેનો તાગ પામવાનું કાર્ય પંડિતો માટેય એઘરું છે. આવી માયા વગેરેનાં કારણે સ્ત્રી ચરિત્રો રચાય છે. સંસ્કૃતમાં સુભાષિત છે : સ્ત્રીણાં ચરિત્રં પુરુષસ્ય ભાગ્યં, બ્રહ્મા ન જાનાતિ કુતો મનુષ્યઃ - અર્થાત્ સ્ત્રીઓનાં ચરિત્ર અને પુરુષના ભાગ્યને બ્રહ્મા પણ જાણી શકતા નથી, તો સામાન્ય માનવનું એ માટે ગજું ક્યાંથી હોય ?

નીતિશાસ્ત્રમાં જણાવેલી આ ચાર વાતો જાણી એનાથી કઈ રીતે સાવધાની



રાખી મોત સુધીની પીડાઓથી કઈ રીતે બચવું તે વિચારવાનું છે. તે તે જ્ઞાનીઓ અને અનુભવીઓની વાણી ઘણાં મનોમંથન પછી બહાર આવતી હોય છે. માટે એ વાતો પર આંખ આડાકાન ન કરવા. એ વાતોને નગણ્ય ન માનવી એની ઉપેક્ષા પણ ન કરવી. આવી સાવધાની ધર્મ માટે પણ સાધક પુરવાર થતી હોય છે. કંઈક દોષો-પાપોથી બચાવનારી સાબિત થાય છે. ધ

## ★ પુનર્જન્મ ★★★

### (૧૦) અનુભવની એરણ પરથી

### ચાર વર્ષનો બાળક પૂર્વજન્મની કથા કહે છે

**શાહજહાંપુર** - અહીંના ઠાકુર બ્રજેન્દ્રસિંહ સાધરણ સ્થિતિના ગૃહસ્થ છે. તેમના ઘરમાં એક પુત્રનો જન્મ થયો. આ પુત્રનું નામ અવધેશકુમાર રાખવામાં આવ્યું. પુત્ર જન્મતાંની સાથે હોંશિયાર અને આકર્ષક હોવાથી બધાને તેના પ્રત્યે મોહ હતો. આ બાળક પૂરા ત્રણ વર્ષનો થયો ત્યારે તેણે પોતાના પૂર્વજન્મની તમામ કથા કહી સંભળાવી; એ કથા આવી હતી.

'હું ચાર વર્ષ' પહેલાં જમીનદાર ગજેન્દ્રસિંહના રૂપમાં કોટાહારમાં રહેતો હતો. મારા ક્ષેત્રમાં હું ખૂબ પ્રભાવશાળી જમીનદાર તરીકે ઓળખાતો. ત્યારે મારી ઉંમર ત્રીસ વર્ષની હતી. મારા શરીરમાં એટલી તાકાત હતી કે મારું નામ સાંભળી નામચીન બદમાશો કંપી ઊઠતા. હું હંમેશા ગરીબોને પડખે પણ ઊભો રહેતો. તેનું પરિણામ એ આવ્યું કે અમારાથી થોડે દૂર રહેતા એક જમીનદાર મારા પર ગુસ્સે થઈ અને મને તેણે ખોટી રીતે એક કેસમાં ફસાવી જેલમાં નંખાવ્યો. કેસ ખોટો હતો છતાં કોઈ જામીન ન થયું. મારી પત્નીએ મને છોડાવવા ઘણા પ્રયાસ કર્યા, પણ લાંચરૂશ્વત આગળ તેનું કંઈ પણ ચાલ્યું નહીં અને મારે બરેલી જેલમાં રહેવું પડ્યું. હું આબરૂદાર કુટુંબનો અને સાહ્યબીમાં રહેલ માણસ હોવાથી મને જેલજીવન આકરું લાગ્યું; અને કેસનો મારા પક્ષમાં ફેસલો થાય તેના એક દિવસ પહેલાં જેલમાં હું મરણ પામ્યો. તેના સાડાનવ મહીના પછી તમારા ઘરમાં જન્મ લીધો છે. હવે હું આ ઘરમાં એક દિવસ રહી શકીશ નહીં. તમે મારા જૂના ઘરે ખબર મોકલાવો; હું ત્યાં જ રહેવા માગું છું, નહીં તો હું મરી જઈશ.' છોકરાની વાતો સાંભળી બ્રજેન્દ્રસિંહ અને તેમનાં પત્ની આશ્ચર્યચકિત થઈ ગયાં. અને છોકરાને લઈ કોટાહાર ગામમાં ગયા. ત્યાં આ છોકરાએ પોતાના બધા દોસ્ત, દુશ્મનોને ઓળખી કાઢ્યા હતા. છોકરો પોતાના પૂર્વજન્મના મહેલમાં જઈને ઊભો રહ્યો

અને બધી વસ્તુઓ બતાવવા લાગ્યો. તેટલામાં તેના પૂર્વજન્મનાં પત્ની જેઓ રાણી સાહેબાના નામે આખા ગામમાં ઓળખાય છે તેમને આ છોકરો રાણી કહીને બોલાવતાં તેઓ આ છોકરાનો અવાજ અને તેનું રૂપ જોઈ પડતાં પડતાં રહી ગયાં. આ છોકરો રૂપમાં, રંગમાં, બોલચાલમાં જાગીરદાર ઠાકુર ગજેન્દ્રસિંહ જેવો છે. રાણીએ આ છોકરાને બોલાવી અનેક પ્રશ્નો પૂછ્યા જે બધાયના ઉત્તરો છોકરાએ સંતોષજનક રીતે આપતાં રાણીએ બ્રાહ્મણોને પુષ્કળ દાન આપ્યું અને તેને રહેવા માટે 'સ્વર્ગીય ગજેન્દ્રસિંહનો બંધ પડેલો ઓરડો' સાફ કરાવ્યો. રાણીના કહેવા પ્રમાણે સ્વર્ગીય ગજેન્દ્રસિંહ અને છોકરા અવધેશમાં જરા પણ ફેર નથી. તેમના કહેવા પ્રમાણે મારા પતિ બાળક રૂપમાં પાછા આવ્યા છે, એમ મને લાગે છે. આ છોકરો રાણીના અતિથિ તરીકે રૂઆબથી રહે છે. પણ આ જન્મનાં માતા-પિતા સાથે રહેવા તૈયાર નથી. છોકરાએ કહેલી તમામ વાતો સત્ય હોવાથી કોટાહારની પ્રજા તેને રાજા કહે છે. અને ભગવાને પ્રસન્ન થઈ અમારો ઉદ્ધાર કરવા અમારા રાજાને પુનઃ અમારી પાસે મોકલ્યા છે ; એમ માને છે. રાજા રાણી પણ ખૂબ પ્રસન્ન છે. ગામની પ્રજા જેમ જમીનદારને નજરાણું આપી તેની હાજરી ભરતી હતી તેવી જ રીતે આ છોકરાની હાજરી ભરે અને આ છોકરો મોટાઓની છટાથી બધું સ્વીકારે છે. જ્યારે આ બાજુ તેનાં ગરીબ માતા-પિતા છોકરાના વિચિત્ર સ્વભાવથી પરેશાન છે, અને તેઓ નિરાશ થઈ પોતાને ઘેર શાહજહાંપુરમાં આવી ગયા છે. પૂર્વજન્મની વાત કહેનાર આ ચાર વર્ષના જમીનદારને જોવા લોકો દૂર દૂરથી આવે છે.

**(૧૧) પૂર્વજન્મ અને પુનર્જન્મ**

**એક મુસ્લીમ કુટુંબમાં બનવા પામેલી ઘટના :**

ઉત્તર ભારતમાં 'બારેલા' શહેરની આ ઘટના છે. ત્રણેક વર્ષ પહેલાં એક મુસ્લીમ કુટુંબમાં એ બનવા પામી હતી. શ્રી હસમતઅલી અન્સારી નામક એક શિક્ષક શ્રી ઈકરામઅલી નામક જૂના જમાનાના જમીનદારને ઘેર એના બાળકને ભણાવવા જતા હતા. એક વખત શિક્ષક હસમતઅલીનો પાંચ વર્ષનો પુત્ર પોતાના બાપ સાથે ગયો. એ પુત્રનું નામ કરીમઉલ્લાહ હતું. જમીનદારના ઘેર આવતાં તો કરીમ રાજી થઈ ગયો, એ સીધો જમીનદારના ઘરમાં દાખલ થઈ ગયો, અને જાણે પોતાનું મકાન હોય તેમ, જમીનદાર ઈકરામઅલીની વિધવાપુત્રી 'ફાતિમા' નો હાથ પકડીને એ બોલ્યો : 'અરે ફાતીમા ! તું તો મારી 'બીબી' છે-તું અહીં કેમ ચાલી આવી ?'



અજાણ્યા બાળકના મુખેથી પોતાનું નામ સાંભળી ફાતીમા તો અવાચક જેવી બની ગઈ, પણ થોડીવારે એ સ્વસ્થ થઈ. ત્યારબાદ બાળક કરીમુલ્લાની પૂર્વજન્મની બધી યાદો તાજી થવા લાગી, અને કોઈને પણ બતાવ્યા વગર પહેલી જ વાર પોતે જ્યાં આવ્યો હતો તે અજાણ્યા મકાનમાં એ ફરવા લાગ્યો. બધા ઓરડામાં એ ફરી વળ્યો અને પોતાના પૂર્વજન્મની પત્ની ફાતીમાના ઓરડામાં જઈ; પોતાની રોજની બેસવાની ખુરસી ઉપર બેસી ગયો, ફાતીમાના પિતાને 'અબ્બાજાન, અબ્બાજાન'કહી બોલાવવા લાગ્યો. ફાતીમા પાન બનાવવા લાગી ત્યારે એ પાંચ વર્ષનો બાળક બોલ્યો 'મારે પણ પાન ખાવું છે મારું પાન બનાવતાં તો તું જાણે છે ને ?'

ફાતીમા અજાયબીભરી નજરે આ બાળક તરફ જોઈ રહી. એને યાદ હતું કે પાંચ વર્ષ પહેલાં પોતાનો પતી 'ફારૂક' મરણ પામ્યો હતો. આ વાત જાણવામાં આવતાં આડોશી-પાડોશીનાં સ્ત્રી-પુરુષ એકઠાં થઈ ગયાં. બધાંને ભેગાં થયેલાં જોઈ પાંચ વર્ષનો બાળક પોતાના પૂર્વજન્મની કહાણી સંભળાવવા લાગ્યો. એમાં કેટલીક વાતો એવી પણ હતી કે જે માત્ર 'ફારૂક' અને 'ફાતીમા' સિવાય બીજું કોઈ જાણતું નહોતું. તે બાળકે બધાને કહ્યું : 'મેં મારા પાકીસ્તાનમાં વસતા ભાઈ પર રૂપીઆ છ હજાર મોકલ્યા હતા. અને ત્રણ હજાર રૂ. બેન્કમાં જમા કરાવ્યા હતા. મારા ભાઈ લાહોર-પાકીસ્તાનમાં વેપાર કરે છે મારો (ફારૂકનો) વિચાર પણ ત્યાં જઈને રહેવાનો હતો, એ વાત ત્યારે મેં કોઈને કહી નહોતી પણ અત્યારે મારા પુનર્જન્મમાં જાહેર કરું છું. મારા એક ભાઈનું નામ ઉંમર આદિલ છે. આ બધી વાતો સંપૂર્ણ સાચી હતી. એનો કોઈ ઈન્કાર કરી શક્યું નથી. ફાતીમા તો વિચાર સાથે આશ્ચર્યમાં પડી ગઈ હતી.

પાંચ વર્ષના છોકરાની આ વાત સાંભળી બધા આશ્ચર્ય પામી ગયા હતા. વધુમાં એ છોકરાએ જણાવ્યું કે 'એના સસરા (જમીનદાર)ને ત્યાં બંદુકની ચોરી થઈ હતી' ત્યારે બધાએ કબૂલ કર્યું કે, વાત સંપૂર્ણ સાચી હતી.

આ છોકરાના પૂર્વજન્મની પત્નીએ પણ નીચે મુજબ જાહેર કર્યું હતું. ' જો કે હું પુનર્જન્મમાં માનતી નથી; પરંતુ આંખો સામે જે જોઈ રહેલ છું અને કાનથી જે સાંભળી રહેલ છું. તેનો ઈન્કાર પણ હું શી રીતે કરી શકું ? એટલે મારે પૂર્વજન્મ અને પુનર્જન્મમાં માનવું પડે છે.' - (કિસ્મત)

(ક્રમશઃ)

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

**ઈચલકંરજી :** જિનાલયના મૂળનાયકને યથાવત્ રાખી કરાયેલા જીર્ણોદ્ધારની ૨૫મી સાલગીરા પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજની તારક નિશ્રામાં ઉજવાઈ. ૨૫ વર્ષ પૂર્વે પ્રતિષ્ઠા આ જ પૂ. આચાર્ય ભગવંતની (તે સમયે મુનિરાજ) નિશ્રામાં જ ઉજવાઈ હતી. ઉત્સાહ - આનંદ વચ્ચે રજતવર્ષની ધ્વજા ચઢાવાઈ. મોટી શાંતિનું શ્રવણ કરાવ્યું. સાથે પૂજ્યશ્રીની પાવન પ્રેરણા પામી રૂ.૧૦૦૦ ની એક તિથિ એવી ૩૬૦ તિથિથી સર્વધારણ યોજના (નિભાવફંડ) નો પ્રારંભ થયો. એક ભાગ્યશાળી એટલે કે શા. કાંતિલાલ નેમચંદ બોરગાંવકરે આની શુભ શરૂઆત કરી. મણિકાંતભાઈએ ૧૩૫ તિથિ લખાવી.

ઈચલકરંજીના બાકીના બે સંઘોની પણ વિનંતિ હોવાથી મહા સુ.૧૧ તા.૧૬-૨-૧૯ ના રોજ રાજસ્થાની જૈન સંઘમાં સસ્વાગત - સામૈયા સહ પધાર્યા. પ્રવચન, સંઘપૂજનાદિ થયેલ. આગ્રહ થવાથી બીજે દિવસે પણ ત્યાં જ સ્થિરતા થઈ. પ્રવચનાદિ થયેલ. પ્રવચનથી પ્રભાવિત થઈને ચોમાસાની પણ વિનંતિ કરી. પૂજ્યશ્રીએ 'ભવિષ્યમાં તમારી વિનંતિ ધ્યાનમાં રાખીશ' એવી હૈયાધારણ આપી હતી.

ત્યાંથી માળભાગ જૈનસંઘ (ગુજરાતી) માં પધાર્યા. ત્યાં પણ સામૈયું થયું. પ્રવચન-સંઘપૂજનાદિ થયું. દરેક ઠેકાણે વધુ રોકાવા માટે તથા ચાતુર્માસ માટે વિનંતિઓ થતી હતી. પૂજ્યશ્રી કુંભોજગિરિ પધાર્યા ત્યારથી મહેન્દ્રજ્વેલર્સવાળા દેવીચંદજી પોતાના ગૃહ જિનાલયના ખાતમુહૂર્ત-શિલાસ્થાપન માટે વિનંતિ કરી ગયા હતા. વચમાં પણ બે-ત્રણ વાર વિનંતિ માટે આવી ગયા હતા. તેમની વિનંતિ સ્વીકારી ઈચલકંરજી ગામથી ચાર કિ.મી. દૂર આવેલા. તેમના નિવાસસ્થાને પધાર્યા. સામૈયા પૂર્વક પ્રવેશ થયો. બીજે દિવસે એટલે કે મહા વદ ૧ તા.૨૦-૨-૨૦૧૯ બુધવારે સવારે શુભમુહૂર્તે ખાત - શિલાન્યાસનું વિધાન થયું. સાંજે વિહાર કરી રસ્તામાં (જૈન ફાર્મ - કોંડિગ્રે) સંથારો કરી મહા વ.૨ સવારે સામૈયા સાથે જયસિંગપુર પધાર્યા. ત્યાં પ્રવચન - સંઘપૂજનાદિ થયેલ.

મહા વ.૩ તા.૨૨-૨-૧૯ શુક્રવાર સવારે શ્રીઅમીઝરાપાર્શ્વનાથ જિનાલય, વખારભાગ પધાર્યા. ત્યાં બે દિવસ સ્થિરતા થઈ. બંને દિવસ પ્રવચનાદિ થયેલ. પૂ.મુ.શ્રીદેવરત્નવિજયજી મ. ના દીક્ષાદિન નિમિત્તે તેમના સંસારી સુપુત્ર મહેન્દ્રભાઈ અંબાલાલ (નડિયાદ- ગુજરાત) તરફથી સંઘપૂજનાદિ થયેલ. મહા



વ.૬ રવિવારે શ્રીઆદિનાથ જિનાલય, આદિનાથનગર (સાંગલી)ની સાલગીરા નિમિત્તે તેઓની વિનંતિથી પધાર્યા. ત્યાં લગભગ ૫૦૦ની માનવમેદની વચ્ચે ધ્વજારોહણ થયું. મોટી શાંતિના શ્રવણ સાથે મહત્ત્વનાં સૂચનો, શિલ્પદષ્ટિથી કેટલાંક સૂચનો કર્યાં. વ.૭ તા.૨૫-૨-૧૯ સોમવારે શ્રીમહાવીર સ્વામી જિનાલયની સાલગીરી હોવાથી ધ્વજારોહણ પ્રસંગે ત્યાં પધાર્યા. ત્યાં બૃહત્શાંતિશ્રવણ તથા પ્રવચનાદિ થયેલ. બંને ઠેકાણે સાલગીરી નિમિત્તે બપોરે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

મહા વ.૮ મંગળવારે માધવનગર પધાર્યા. ત્યાં પ્રવચનાદિ થયેલ. માધવનગરમાં રાત્રે સાંગલીના કચ્છી સમાજના ભાગ્યશાળીઓ આવ્યા. સાંગલીનાં તેમણે બનાવેલા સુપાર્શ્વનાથ જિનાલયની પ્રથમ જ સાલગીરી હતી. તે નિમિત્તે તેમને ત્યાં ત્રિદિવસીય મહોત્સવનું આયોજન થયેલ. તેઓની વિનંતિથી પરત સાંગલી પધાર્યા. પ્રથમ દિવસે (મહા વ.૯) શ્રી૧૦૮ પાર્શ્વનાથ પૂજનનો કાર્યક્રમ થયો. બીજે દિવસે પ્રતિષ્ઠા સમયના તમામ લાભાર્થીઓનાં બહુમાન થયાં. ત્રીજે દિવસે (વ.૧૦ બીજી) સાલગીરી હતી. સવારે ૧૭ ભેદી પૂજા ભણાવાઈ. ધ્વજાની અષ્ટ પ્રકારી પૂજા વગેરે થયા બાદ ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્ન થયો. ત્યારબાદ મોટી શાંતિ સંભળાવી બાદ પ્રવચન થયું. પ્રવચનમાં 'ધ્વજારોહણપર્વ' વિષય પર માર્મિક સંબોધન કર્યું. શ્રોતાઓને એ પ્રસંગે નવી દિશા પ્રાપ્ત થઈ.

મહા વ.૧૧ શનિવારે પૂજ્યશ્રી મીરજ - સુમતિનાથ જિનાલય-સંઘમાં પધાર્યા. મહા વ.૧૨ રવિવારે જયસિંગપુર પધાર્યા. વ.૧૩ સોમવારે જૈન ફાર્મમાં થઈ વ.૧૪ મંગળવારે ઈચલકંરજી - ગુજરીપેઠમાં પધાર્યા. ત્રણ દિવસ સ્થિરતા - પ્રવચન સંઘપૂજનાદિ થયેલ. તે ઉપરાંત સર્વસાધારણખાતાની તિથિની યોજના પણ આગળ વધી. ફા.સુ.૨ બોરગાંવ કરી ફા.સુ.૩ તા.૯-૩-૧૯ શનિવારે બેડકી-હાળ પધાર્યા. ત્યાં ઉપાશ્રયનું ઉદ્ઘાટન હોવાથી વિનંતિ હતી. પૂ.આ.ભ.શ્રી ચન્દ્રભૂષણસૂરીશ્વરજી મ. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતો પણ પધાર્યા. બંને આચાર્ય ભગવંતોની નિશ્રામાં ઉદ્ઘાટનનો કાર્યક્રમ સંપન્ન થયો. પ્રવચનાદિ થયા બાદ સર્વસાધારણ નિભાવ ફંડ માટે રૂ. ૧૧૦૦ની એક તિથિ એવી લગભગ ૫૦૦ ઉપર તિથિ નોંધાઈ. ગામમાં તો બે જ ઘર છે. પરંતુ નિપાણી - ઈચલકરંજી વગેરે ગામોથી ઘણા ભાવિકો પધાર્યા હતા.

ત્યાંથી ફા.સુ.૪ તા.૧૦-૩-૧૯ રવિવારે ખડકલાટ ગામમાં વાજતે - ગાજતે પ્રવેશ થયો. ત્યાં પૂ.આ.ભ.શ્રી ચન્દ્રભૂષણ સૂરીશ્વરજી મ. તથા પૂ.આ.ભ.શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં જીર્ણોદ્ધાર થયેલ શ્રીમનઃ - સંતુષ્ટ પ્રાસાદ (જિનાલય)ની પ્રતિષ્ઠા થઈ. તેનો હેવાલ હવે પછી....... ધ

# શ્રેષ્ઠ ગુણ : સંતોષ

**यथा नृणां चक्रवर्ती, सुराणां पाकशासनः ।**

**तथा गुणानां सर्वेषां, संतोषः प्रवरो गुणः ।। !**

જે રીતે માનવોમાં ચક્રવર્તી શ્રેષ્ઠ ગણાય છે, દેવોમાં અસુરો પર શાસન કરનાર સૌધર્મેન્દ્ર શ્રેષ્ઠ ગણાય છે, તે જ રીતે તમામ ગુણોમાં સંતોષ ગુણ શ્રેષ્ઠ ગણાય છે.